| | | |
|---|---|---|
| G U V N L | # ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ<br>(An ISO 9001:2015Company)CIN U40109GJ2004SGC045195<br>રજી. અને કોર્પોરેટ ઓફિસ: સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૦૭ | 75 Azadi Ka Amrit Mahotsav |
| Email: cetech.guvnl@gebmail.com<br>sesolar.guvnl@gebmail.com | Web site: www.guvnl.com | Tele (Di) : (0265) 2340205<br>PBX : (0265) 2310582 to 86<br>FAX : (0265) 2337918, 2338164 |


નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/ 1205 તારીખ:24-04-૨૦૨૨

પરિપત્ર માં સુધારો: PMKUSUM-Component-B Amendment in Implementation and Operational Guideline

વિષય: રાજ્યમાં પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવના સુધારા અનુલક્ષીને અમલીકરણ માટે માર્ગદર્શિકામાં સુધારા બાબત.

સંદર્ભ: (૧) પરિપત્ર-૧ નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૧૬૭૧ તા:૨૮-૦૮-૨૦૨૦

(૨) પરિપત્ર-૨ નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૨૦૨૩ તા:૧૬-૧૦-૨૦૨૦

(3) પરિપત્ર- નં.૧ માં સુધારો- GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૨૯૮૮ તા:30-૧૦-૨૦૨૧

(૪) પરિપત્ર માં સુધારો- GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૩૪૬૪ તા:૨૩-૧૨-૨૦૨૧

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B ના એકસરખા અને સફળ અમલીકરણ માટે GUVNL દ્વારા તારીખ ૨૮.૦૮.૨૦ના પરીપત્રથી વિગતવાર માર્ગદર્શિકા આપવામાં આવી છે અને ત્યારબાદ સંદર્ભ (૨), (3) અને (૪) મુજબ પરિપત્રમાં સુધારા કરેલ.

વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની અરજીઓમાં લાભાર્થી દ્વારા ખુબ નજીવો/નહીવત ફાળો ભરપાઈ કરવાનો હોઈ અને સદર રકમનો તફાવત રાજ્ય સરકારશ્રી દ્વારા વધારાની સબસીડી રૂપે PM-KUSUM Component-B યોજના હેઠળ બુક કરવાનો હોઈ કોઈ અરજદાર અનુચિત લાભ (undue benefit) મેળવી ના શકે તે માટે આવા કિસ્સાઓમાં, નીચે મુજબની શરતોનો ઉમેરો કરવામાં આવે છે.

(૨૩) વન વિસ્તારમાં સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ મેળવવા માટેની અરજીના અનુસંધાને સદર અરજી માટે પરંપરાગત વીજજોડાણ આપવા હેતુ ઉભી કરવી પડતી વીજ લાઈન ફોરેસ્ટ એરિયામાંથી પસાર કરવી અનિવાર્ય છે તે મુજબનું પ્રમાણપત્ર સબ-ડીવીઝનના નાયબ ઇજનેરશ્રીએ આપવાનું રહેશે અને કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા પ્રમાણિત કરવાંનું રહેશે.

(૨૪) વન વિસ્તારમાં સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ મેળવવા માટેની અરજી મંજુર કરવા માટે સંબધિત વર્તુળ કચેરીની મંજુરી લેવાની રહેશે.

વધુમાં, વનવિસ્તારની પરંપરાગત કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ વિસ્તાર પેટા યોજના / સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ અને PM-KUSUM પોર્ટલ પર અરજી કરવાની બાકી રહેલ અંદાજીત ૭૬૮ અરજીઓને PM-KUSUM યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ યોજનાના નિયમોનુસાર સ્ટેન્ડ અલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સ આપી નિકાલ કરી શકાય તે માટે આવા અરજદારોની અરજીની નોંધણી થઇ શકે PM-KUSUM પોર્ટલ તમામ અરજદારો માટે એક (૦૧) મહિના એટલેકે તા: ૨૬-૦૪-૨૦૨૨ થી તા:૨૫-૦૫-૨૦૨૨ સુધી ખુલ્લું કરવામાં આવે છે.

આથી વનવિસ્તારની પરંપરાગત કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ વિસ્તાર પેટા યોજના / સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ અને PM-KUSUM પોર્ટલ પર અરજી કરવાની બાકી રહેલ તમામ અરજદારોનો સ્થળ સંપર્ક તેમજ પત્ર વ્યવહાર દ્વારા અરજદારોને યોજના વિશે માહિતગાર કરી, PM-KUSUM યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ PM-KUSUM પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરે તે માટે તમામ જરૂરી પ્રયત્નો કરવા.

PM-KUSUM પોર્ટલ પર વધુ અરજીઓની નોંધણી થાય તો MNRE દ્વારા મંજુર કરાયેલ ૨૦૦૦ સોલાર પંપની મર્યાદામાં વનવિસ્તારની પરંપરાગત કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ વિસ્તાર પેટા યોજના / સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ અરજદારોને અગ્રતાક્રમ આપવામાં આવશે.

ઉપરોક્ત સુધારેલ શરતની જાણ આપની કક્ષાએથી તમામ ક્ષેત્રીય કચેરીઓને ઉપરોક્ત સુધારાના અમલીકરણ અર્થે કરવા વિનંતી. GUVNLના તા:૨૮-૦૮-૨૦૨૦ ના પરિપત્ર-૧, તા:30-૧૦-૨૦૨૧ અને તા:૨૩-૧૨-૨૦૨૧ ના સુધારેલ પરિપત્ર ની અન્ય શરતો તથા વિગતો યથાવત રહેશે.

25/1/22

(એસ. એસ. મોદી)
વિશેષ મુખ્ય ઇજનેર(ટેક)

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી
દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની
રજી. અને કોર્પોરેટ ઓફીસ
<u>સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ</u>

નકલ સાદર રવાના -

- મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ,વડોદરા.
- ડીરેકટરશ્રી(ટેકનીકલ), જીયુવીએનએલ,વડોદરા.
- નાયબ સચિવશ્રી (RE),ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના -

- મુખ્ય ઇજનેરશ્રી(પ્રોજેકટ) કોર્પોરેટ ઓફિસ ,દક્ષિણ - મધ્ય. - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
- જનરલ મેનેજર (F&A/આઈ.ટી.), જીયુવીએનએલ, વડોદરા.
- જનરલ મેનેજર (F&A) કોર્પોરેટ ઓફિસ ,દક્ષિણ - મધ્ય - ઉત્તર પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
- લાયઝન ઓફિસરશ્રી, માન. ઉર્જા મંત્રીશ્રીનુ કાર્યાલય, પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેર ટેક-૧, ટેક-૨, ટેક-3, જીયુવીએનએલ,વડોદરા
- સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા